# 5. છપ્પા/ઉખાણાં

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના એક-એક વક્યોમાં ઉત્તર લખો

**1) નગરમાં આગ લાગવાથી કોણ ભય અનુભવતું નથી ?**

- નગરમાં આગ લાગવાથી પંખી ભય અનુભવતું નથી.

**2) ઉંદર શા માટે શોર કરે છે ?**

- ઉંદર નગરમાં લાગેલી આગથી ડરીને શોર કરે છે.

**3) કોની અનુભવરૂપી પાંખ આકાશમાં વિહરે છે ?**

- જ્ઞાનીજનોની અનુભવરૂપી પાંખ આકાશમાં વિહરે છે.

### 2. નીચેના પ્રશ્નોના મુદ્દાસરઉત્તર લખો :

**1) પહેલા છપ્પા દ્વારા અખો શું કહેવા માંગે છે ?**

- પહેલા છપ્પા દ્વારા અખો કહેવા માગે છે કે અનુભવજ્ઞાન જ જીવનની અનેક વિટબણામાંથી બહાર નીકળવાનો સાચો રાહ દર્શાવે છે. અખો ઉંદર અને પંખીના દ્રષ્ટાંત દ્વારા આ હકીકતને સ્પષ્ટ કરી આપે છે. જો નગરમાં આગ લાગે તો પંખીને તેની કોઈ ચિંતા કે ફરિયાદ નથી, કેમ કે એ આગથી બચવા પોતાની પાંખ વડે ઊડી જાય છે, પોતાની જાતને બચાવી શકે છે. પણ ઉંદર બિચારા ક્યાં જાય ? એટલે ડરના માર્યા ચૂં ચૂં અવાજ કરીને શોર મચાવે છે. એની પાસે પંખીની જેમ ઉડવાની તાકાત નથી. આમ, અજ્ઞાની જન ઉંદર બિચારા ક્યાં જાય ? એટલે ડરનાં માર્યા ચૂં ચૂં કરીને અવાજ(શોર) કર્યા કરે છે. એની પાસે પંખીની જેમ ઉદવાની શક્તિ નથી. આમ, અજ્ઞાની જન ઉંદર જેવા છે. એમની પાસે અનુભવજ્ઞાન નથી એટલે તેઓ સંસારની વિટંભણાઓથી ડરી જાય છે, પણ જ્ઞાનીજનો સંસારની વિટંબણાઓથી સહેજ પણ દરતા નથી. તેઓ પોતાના અનુભવજ્ઞાનરૂપી પાંખથી એ વિટંબનાઓને ઉકેલી શકે છે. ટૂંકમાં, અખાના કવાનું તાત્પર્ય એ છે કે અનુભવજ્ઞાનરૂપી પાંખો જ સંસારમાં વિટંભણાઓને ઉકેલવાનો એકમાત્ર ઉપાય છે.

### 2) બીજા છપ્પા દ્વારા અખો શી પ્રેરણા આપે છે ?

- બીજા છપ્પા દ્વારા અખો જેમને સંસ્કૃત ભાષા સારી રીતે બોલતાં આવડતી ન હોય તેમને હિંમત આપે છે. અખો કહે ચે, કોઈને સાંસ્કૃત ભાષા બરાબર ન આવડતી હોય તો શું થયું ? પાકૃતભાષા(લોકભાષા) માં પોતાની ભાવના તો રજુ કરી શકાય ને ! પ્રાકૃતભાષામાં રજૂ કરે એટલે શું એની ભાવનાનું કોઈ મૂલ્ય જ નથી ? ભાષાના આટલું બધુ મહત્વ આપવાની શી જરૂર છે ? જેમ યુદ્ધના મેદાનમાં યોદ્ધો ભાષાથી નહિ, પણ પોતાની બહાદુરીથી લડે છે એટલે જ તે શૂરવીર કહેવાય છે. એમ ભાષા મહત્વની નથી, ભાષા દ્વારા રજૂ કરવામાં આવતી ભાવનાનું મૂલ્ય વિશેષ છે. આમ કહી અખો સૌને પ્રેરણાઅ અપે છે કે જીવનનો સઘળો સંસાર મૂળાક્ષરના બાવન અક્ષર પર ભલે ચાલતી હોય, પણ એથીય પર ત્રેપનમાં અક્ષરરૂપી પરમતત્વ પરમાત્માને જે જાણે તેનો જ બેડો પાર થી જાય અર્થાત સંસારમાંથી મુક્ત થઈ જાય.

### 3) 'બાવનનો સઘળો વિસ્તાર'એટલે શું ?

- જીવનનો સઘળો સંસાર મૂળાક્ષરના બાવન અક્ષરથી રચાતી ભાષાનો વિસ્તાર.

## 3. મુદ્દાસર નોંધ લખો:

### 1) 'આવી નગરમાં લાગી લાય' છપ્પા દ્વરા રજૂ થયેલા જ્ઞાનના મહિમા વિશે નોંધ લખો.

- નગરમાં અચાનક આગ લાગે તો પંખીને સહેજે ફરિયાદ થતી નથી, કેમ કે એ આગથી બચવા ત્યાંથી ઊડી જઈ શકે છે, પણ પાંખ વગરનાં ઉંદર બિચારા ક્યાં જાય ? એટલે એ ડરના માર્યા ચૂં ચૂં અવાજ કરીને શોર કરી મૂકે છે. એની પાસે પાંખ નથી એટલે એનામાં પંખીની જેમ ઉડવાની તાકાત નથી. કવિ અખો ઉંદર અને પંખીના દ્રષ્ટાંત દ્વારા કહે છે કે અજ્ઞાની માણસ પાસે અનુભવજ્ઞાન ન હોવાથી એ સંસારની મુશ્કેલીરૂપી આહમાંથી બચી શકતાં નથી. આથી તેઓ ડરી જઈને ઊંદરની જેમ શોર મચાવે છે; પરંતુ જ્ઞાનીજનને પંખીની જેમ સહેજે ફરિયાદ કે ચિંતા નથી. એ સંસારની વિટંબણાઓથી બિલકુલ ડરતા નથી, કારણ કે એમની પાસે અનુભવરૂપી પાંખ છે. એ પાંખથી જ્ઞાનરૂપી આકાશ સુધી પહોંચી શકે છે. આથી અનુભવજ્ઞાનના બળે એ સારી રીતે જીવન પસાર કરી શકે છે. આ છપ્પાનું તાત્પર્ય એ છે કે અનુભવજ્ઞાન સંસારની વિટંબણામાંથી ઉગારવાનો એકમાત્ર ઉપાય છે.

## 2) ભાષા વિશેના અખાના વિચારો વિશે નોંધ લખો.

- અખો ભાષાને મહત્વ આપનારને મૂર્ખ કહે છે. આખાના મતે જેમ યુદ્ધના મેદાનમાં યોદ્ધો પોતાની ભાષ્થી નહિ, પણ પોતાની બહાદુરીથી લડે છે. આથી જ એ શૂરવીર કહેવાય છે. એમ, ભાષા કરતાં એમાં રજૂ થયેલ ભાવનાનું જ વિષેશ મહત્વ છે. કોઈને સંસ્કૃત ભાષા બરાબર ન આવડતી હોય તો શું થયું ? પ્રાકૃતભાષા(લોકભાષા)માં તો પોતાની ભાવના રજૂ કરે શકે ને ! શું એની ભાવનાનું પ્રાકૃતભાષામાં કોઈ મૂલ્ય નથી ? જીવવનો સઘળો સંસાર આ બાવન અક્ષરથી જ ચાલે છે; પરંતુ એથીય પર ત્રેપનમાં અક્ષરરૂપી પરમતત્વ પરમાત્માને જાણે તો તેનો બેડો પાર થઈ જાય અર્થાત સંસારમાંથી મુક્ત થઈ જાય.